# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/319 Dt. 04/02/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## સુરતના ઘણા આશિક છે, હું પણ એમાંથી એક પોતાને ગણું છું : સુરતના નવ નિયુકત મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. નાગરાજન (IAS)

### સ્ટાર્ટ–અપ, ઇનોવેશન અને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટના ક્ષેત્રે સુરતની અલગ ઓળખ ઊભી કરવા ખાસ પ્રયાસ કરીશું, 'સુરત શહેર મારું છે' આવો ભાવ દરેક નાગરિકમાં ઊભો કરવાનો છે, શહેરના વિકાસ માટે નાગરિકોનું ઋણ ચૂકવવાનો પ્રયાસ કરીશ

### બાળકોમાં મજબૂત 'કોર માઇન્ડસેટ' વિકસાવવાની જરૂર છે, અભ્યાસક્રમમાં જ્યારે ફેરફાર થશે ત્યારે પણ સુરત મહાનગરપાલિકાની શાળાઓમાં વધારાના પ્રયત્નો કરીને બાળકોને ગુણવત્તાયુક્ત જ્ઞાન આપવામાં આવશે

### ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સુરતના નવ નિયુકત મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. નાગરાજન (IAS) માટે સ્વાગત સમારોહ યોજાયો, બધાએ સન્માન કર્યું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સોમવાર, તા. ૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૩૦ કલાકે, સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે સુરતના નવ નિયુકત મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. નાગરાજન (IAS) માટે સ્વાગત સમારોહ યોજાયો હતો, જેમાં મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. નાગરાજને ઉદ્યોગ સાહસિકો, વ્યવસાયિકો અને નાગરિકો સાથે સંવાદ સાધ્યો હતો.

સુરતના નવ નિયુકત મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. નાગરાજને જણાવ્યું હતું કે, સુરતના ઘણા આશિક છે, હું પણ એમાંથી એક પોતાને ગણું છું. સુરતમાં જે એક વખત આવી જાય એ સુરતી થઇ જાય છે. અધિકારીઓને પણ સુરતમાં કામ કરવાનું ગમે છે. તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે સુરતને નવી દિશામાં આગળ લઈ જવાની મને જે જવાબદારી સોંપી છે, તે સુરતના નાગરિકો સાથે મળીને પૂર્ણ કરવાની છે. હું તો માત્ર નિમિત છું, રાજ્ય સરકાર અને પ્રજા જે નક્કી કરે છે, તેને વાસ્તવિકતા આપવાની મારી જવાબદારી છે. શહેરના સર્વાંગી વિકાસ માટે કોલાબોરેટિવ એપ્રોચ ખૂબ જ જરૂરી છે એમ તેમણે ઉમેર્યું હતું.

સુરતમાં ડેપ્યુટી કમિશનર તરીકે અગાઉ ફરજ બજાવી ચૂકયો છું, અહીથી નીકળ્યો ત્યારે સુરતનું બજેટ રૂ. ૪,૦૦૦ કરોડનું હતું, આજે રૂ. ૧૧,૦૦૦ કરોડ સુધી પહોંચી ગયું છે. આ બદલાવ દર્શાવે છે કે સુરત હવે સ્માર્ટ સિટી ૨.૦ માટે તૈયાર છે. ગુજરાત સરકાર પણ સુરત ઇકોનોમિક રિજનનું આયોજન કરી રહી છે. સુરતમાં રિજીયોનલ ઇકોનોમિક ડેવલપમેન્ટ માટે જરૂરી ક્ષમતા છે. સુરતે હવે આસપાસના વિસ્તારોના વિકાસમાં પણ આગેવાની લેવાની છે.

તેમણે ઉમેર્યું હતું કે, સુરતના વિકાસમાં તેમણે સીધી કે આડકતરી રીતે ભૂમિકા ભજવી છે. સુરત પોલીસ સાથે ટ્રાફિક વ્યવસ્થાના મુદ્દે સંકલન સાધી લેવામાં આવ્યું છે. સુરતે અત્યાર સુધી જે સિદ્ધિઓ મેળવી છે, તેને ટકાવી રાખવી અને સાથે જ સુરતને આંતરરાષ્ટ્રીય સ્તરે આગળ લઈ જવાનો પ્રયાસ કરવાનો છે.

આગામી પેઢીને આરોગ્ય, શિક્ષણ અને ઉચ્ચ જીવનધોરણની દૃષ્ટિએ શ્રેષ્ઠ તકો અને એડવાન્ટેજ આપવા પર ભાર મૂકતા તેમણે કહ્યું હતું કે, દુનિયા જે રીતે ઝડપથી બદલાઈ રહી છે, તે પ્રમાણે બાળકોમાં મજબૂત 'કોર માઇન્ડસેટ' વિકસાવવાની જરૂર છે. અભ્યાસક્રમમાં જ્યારે ફેરફાર થશે ત્યારે પણ સુરત મહાનગરપાલિકાની શાળાઓમાં વધારાના પ્રયત્નો કરીને બાળકોને ગુણવત્તાયુકત જ્ઞાન આપવામાં આવશે. ભારત સરકારની નવી નીતિઓ અને લોકોની લાગણી સાથે આ પ્રયાસો ચોક્કસ સફળ થશે એવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો.

શ્રી નાગરાજને જણાવ્યું હતું કે, ડીટીએસ (DTS) ફ્રેમવર્કમાં થોડો ગેપ છે, જેને પૂર્ણ કરવા પ્રયાસ કરાશે. ડી એટલે ડાયમંડ અને ટી એટલે ટેક્ષ્ટાઇલ, આ બે પીલર ખૂબ મજબૂત છે, પરંતુ હવે સ્ટાર્ટ–અપના પીલરને પણ મજબૂત કરવાની જરૂર છે. જ્યારે હું ડેપ્યુટી કમિશનર હતો ત્યારે સુરતમાં સ્ટાર્ટ–અપ કલ્ચર વિકસાવવાનો પ્રયાસ થયો હતો, જેમાં ચેમ્બરે પણ મહત્વની ભૂમિકા ભજવી હતી. સ્કૂલ અને કોલેજોમાં કોમ્યુનિટી બનાવવાના પ્રયાસો પણ થયા હતા એમ તેમણે યાદ કરાવ્યું હતું.

સ્કીલ ડેવલપમેન્ટ અંગે તેમણે જણાવ્યું હતું કે, હવે અમલીકરણ પર વધુ ધ્યાન આપવાની જરૂર છે. માસ સ્કિલિંગ અને ન્યૂ જનરેશન સ્કિલિંગ પર ફોકસ કરાશે. આ બધું લોકભાગીદારીથી જ શકય બનશે. ઉદ્યોગ સાહસિકો, પ્રોફેશનલ્સ, બુદ્ધિજીવીઓ, સમાજસેવકો અને નાગરિકોએ આ દિશામાં સક્રિય ફાળો આપવો પડશે એમ તેમણે કહ્યું હતું.

સુરતને એક મજબૂત બ્રાન્ડ બનાવવાની દિશામાં વિચાર રજૂ કરતા તેમણે કહ્યું કે, સુરતને બ્રાન્ડ બનાવે એવા કયા પ્રોજેકટ લઈ શકાય? કે જેનો લાભ સમગ્ર શહેરને થાય એવા સૂચનો પણ મને આપી શકાશે. સ્ટાર્ટ–અપ,

ઇનોવેશન અને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટના ક્ષેત્રે સુરતની અલગ ઓળખ ઊભી કરવા ખાસ પ્રયાસ કરીશું. શહેરના વિકાસ માટે નાગરિકોના ઋણ ચૂકવવાનો પ્રયાસ કરીશ એમ તેમણે ઉમેર્યું હતું.

સ્વચ્છતા અંગે શ્રી નાગરાજને જણાવ્યું હતું કે, એક મહિના સુધી વિશેષ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરી સુરતને ડસ્ટ ફ્રી બનાવવા માટે શોર્ટ ટર્મ અને લોન્ગ ટર્મ બંને પ્રકારના ઉપાયો અમલમાં મૂકવામાં આવશે. એર પોલ્યુશન ઘટાડવા માટે પણ ખાસ પ્રયાસ કરાશે. ધાર્મિક સ્થળો, ગાર્ડન, સરકારી કચેરીઓ તેમજ ઔદ્યોગિક એકમોમાં સ્વચ્છતા અભિયાન ચલાવવામાં આવશે. માર્ચ મહિનામાં યોજાનાર સર્વેક્ષણ માટે લોકોની સક્રિય ભાગીદારી જરૂરી હોવાનું તેમણે જણાવ્યું હતું. ‘સુરત શહેર મારું છે‘ આવો ભાવ દરેક નાગરિકમાં ઊભો કરવાનો છે તેમ કહીને તેમણે પોતાનું વકતવ્ય પૂર્ણ કર્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સમારોહમાં સ્વાગત સંબોધન કર્યું હતું. ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ સમારોહમાં ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ સમારોહનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ શ્રી એમ. નાગરાજનનો પરિચય આપ્યો હતો.

સુરતના નવ નિયુકત મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. નાગરાજનના સ્વાગત સમારોહમાં ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા તથા ચેમ્બરના પૂર્વ પ્રમુખો શ્રી રાજેન્દ્ર ચોખાવાલા, શ્રી અશોક શાહ અને શ્રી હિમાંશુ બોડાવાલા, ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના ચેરપર્સન ડો. પારૂલ વડગામા, ચેમ્બરની કેપિટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના એડવાઇઝર શ્રી હેમંત દેસાઇ અને ઉદ્યોગપતિ શ્રી ગિરિશ લુથરાએ પોતાના વિચારો રજૂ કર્યા હતા.